કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર,
સેક્ટર-૧૯, ગાંધીનગર.
તા.૧૨/૦૧/૨૦૨૬.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

**વિષયઃ- તમામ ફાઈલની કાર્યવાહી ઈ-સરકાર મારફતે કરવા બાબત.**

સંદર્ભઃ- (૧) સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક: GAD/MSM/e-file/1/2025/ 1181/ARTD1; તા.૨૧/૦૩/૨૦૨૫
(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:૯૦/સજય/ગ/૨૦૨૫/૧૮૮; તા.૨૫/૦૩/૨૦૨૫
(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક: ૯૦/સજય/ગ/૨૦૨૫/૧૯૭; તા.૦૫/૦૪/૨૦૨૫.
(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:COS/0127/06/2025; તા.૧૧/૦૬/૨૦૨૫.

શિક્ષણ વિભાગની વખતોવખતની સૂચનાને ધ્યાને લઈ અત્રેની કચેરીના સંદર્ભ-૨ થી ૫ ના પત્રથી તમામ જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરીઓમાં ઈ-સરકારનું અમલીકરણ કરવા જણાવેલ હતું. જે અન્વયે, તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓની કચેરીમાં તમામ ફાઈલ e-Sarkar મારફતે જ ચલાવવા આથી સુચના આપવામાં આવે છે.

આ ઉપરાંત અત્રેની કચેરી ખાતે મોકલવામાં આવતી તમામ ફાઈલ (સર્વિસ બુક/તબીબી બીલ જેવી ફાઈલો સિવાય) અને પત્ર ફક્ત e-Sarkar મારફતે જ મોકલવાના રહેશે. તા.૧૫/૦૧/૨૦૨૬ બાદ કોઈ પણ ફાઈલ/પત્ર હાર્ડકોપીમાં સ્વીકારવામાં આવશે નહી.

તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં કોઈપણ પ્રકારની ફાઈલની કાર્યવાહી હાર્ડ કોપીમાં થવી જોઈએ નહી. અન્યથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સામે કાર્યવાહી કરવા રાજય સરકારને લખવામાં આવશે જે ધ્યાને લેશો.

(e-Sign)
નાયબ નિયામક (મહેકમ)
કમિશનર શાળાઓની કચેરી,
ગુ.રા.ગાંધીનગર

**નકલ સવિનય જાણ સારૂ રવાના:** માન. નિયામકશ્રીના રહસ્ય સચિવશ્રી, સદર કચેરી.

**નકલ રવાના કાર્યવાહી સારૂ:** શાખા અધિકારીશ્રી, તમામ, સદર કચેરી.

*Signature Not Verified*

*Signed by:Archana M Chaudhary*
*Deputy Director*
*Date:2026.01.12*
*19:55:54 +5:30*

File No: COS/MIS/e-file/276/2024/0768/Coordination
Approved By: Deputy Director,Establishment,COS

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*